# એન સી સી યુનિટ (ગર્લ્સ), બી એ કોલેજ દ્વારા 8 માર્ચ 2022 ના રોજ " પિંકેથોન" દોડનું  આયોજન કરી આંતર રાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી

તા.૦૮ માર્ચ  ૨૦૨૨ સમગ્ર વિશ્વમાં  આંતર રાષ્ટ્રીય મહિલા દિવસ તરીકે ઉજવવામાં આવે છે આ વર્ષ 2022 ની થીમ " બ્રેક ધ બાયસ" અંતર્ગત આજ રોજ ૪ ગુજરાત ગર્લ્સ બટાલિયન એન.સી.સી., આણંદ ના ઉપક્રમે એગ્રિકલચરલ યુનિવર્સિટીનાં  પટાંગણમાં સવારે 8:00 વાગે યુનિવર્સિટી ભવન થી બી એ કોલેજ સુધી પિંકેથોન દોડનું આયોજન કરવામાં આવેલ. આ દોડની સહયાત  ડૉ.ડી.એચ.પટેલ – ડાયરેક્ટર સ્ટુડન્ટ વેલ્ફેરએ  ઝંડી ફરકાવીને  કરેલ. જેમાં   આકૃયુની બી એ કોલેજ , એ આઈ ટી કોલેજ, હોર્ટીકલ્ચર  કોલેજ તથા  આણંદ ની વિવિધ કોલેજોના ૧૭૦ કેડેટ્સ, ૭ એ.એન.ઓ., ૨ જી.સી.આઇ તેમજ આર્મી ઓફિસ સ્ટાફએ જોશ અને ઉત્સાહભેર  દોડમાં  ભાગ લીધો.આ દોડના અંતે કેડેટ્સ દ્વારા  સ્લોગન મેકિંગ, પોસ્ટર મેકિંગ,સાંસ્કૃતિક કાર્યક્રમ તથા એસવી રક્ષણ બચાવ નો ડેમો આપવામાં આવેલ તથા તેઓને ઈનામ અને સર્ટિફિકેટ વિતરણ કરવામાં આવેલ.

આ સમગ્ર કાર્યક્રમનું  કમાન્ડ અધિકારી કર્નલ રીષિ ખોસલા નાં નેતૃત્વ હેઠળ  વહીવટી અધિકારી મેજર કવિતા રામદેવપુત્રાની નિગરાની માં લેફ્ટનેન્ટ ઋચા દવે એ સુંદર રીતે સંચાલન  કર્યું.  આ કાર્યક્રમની પરવાનગી આપી આકૃયુના માન. કુલપતિ શ્રી. ડો. કે. બી. કથીરિયાએ પણ કેડેટ્સને પ્રોત્સાહન પૂરું પાડેલ.  સમગ્ર કાર્યક્રમ  સરકાર ની વર્તમાન માર્ગદર્શિકા ને ધ્યાન માં રાખીને  માસ્ક સાથે સામાજીક દૂરી જાળવી ને યોજાયો હતો.




UNIVERSITY BHAVAN
PINKATHON


UNIVERSITY BHAVAN


GIRLS BN NCC, ANAND








4 GUJARAT GIRLS BN NCC, ANAND
NATION FIRST


4 GUJARAT GIRLS BN NCC, ANAND
NATION FIRST
AI TRIPLE CAMERA
Shot by Archu